મહત્તમ : ૩૫.૫. ડીગ્રી
લઘુતમ : ૨૫.૩ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૫ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં રક્ષાબંધન પર્વ પારિવારિક ઉલ્લાસ સાથે ઉજવાયું

મોંઘવારી છતાં મિઠાઇની દુકાનોથી માંડીને મોલમાં ભીડ જોવા મળી : રક્ષાબંધનને પગલે સાંજે શહેરને જોડતા માર્ગો પર ટ્રાફીકમાં વધારો : સોશિયલ મિડીયા પર પણ રક્ષાબંધન છવાઇ

શ્રાવણી પૂનમે બ્રાહ્મણોએ જનોઇ બદલી

આજે શ્રાવણી પૂનમના પાવન દિવસે શહેરમાં બ્રાહ્મણોએ જનોઇ બદલવાની વિધી કરી હતી. શહેરના સેક્ટર-૧૬માં સોમનાથ મહાદેવના સાનિધ્યમાં ગાંધીનગરના સવારે ૯ થી ૧૧.૩૦ દરમ્યાન શ્રી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સામુહિક યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ યોજાયો હતો. સતત ૧૩મા વર્ષે યોજાયેલી આ વિધિમાં આશરે ૮૦થી વધુ બ્રહ્મબંધુઓએ સામેલ થઇને તેમની જનોઇ બદલી હતી. આ પ્રસંગે બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ મનિષભાઇ દવે અને કથાકાર કનૈયાલાલ પંડ્યા ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં પુરોહિત પદે કાનજીભાઇ ભોગયતા અને અખિલેશ પુરોહિતે વિધિ કરાવી હતી.

ગાંધીનગર સેકટર ૩ માં રહેતા જીજ્ઞાબેન ગફ્ફર છેલ્લા પાંત્રીસ વર્ષથી અમદાવાદ રહેતા સઈદ અહમદ શેખને રાખડી બાંધે છે. દર રક્ષાબંધનને ભાઈ સઈદ અહમદ શેખ અમદાવાદથી ગાંધીનગર પોતાની માનીતી બહેન જીજ્ઞાબેન પાસે રાખડી બાંધવા અવશ્ય આવે છે. રક્ષાબંધનનો તહેવાર આ એક હિંદુ બહેન અને એક મુસ્લિમ ભાઈના ભાઈચારા અને કોમી એખલાસનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

ગાંધીનગર તા.૧૧

આજે ગાંધીનગર શહેર તથા જિલ્લામાં ભાઇબહેનના પ્રેમનો પવિત્ર તહેવાર રક્ષાબંધન ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવાયો હતો. શહેરમાં પરિવારોમાં સાથે સભ્યોએ મળીને રક્ષાબંધન ઉજવવામાં આવી હતી પરિણીત મહિલાઓએ તેમના ભાઇને રાખડી બાંધવા માટે હૃદયમાં ઉલ્લાસ સાથે પિયરની વાટ પકડી હતી. રક્ષાબંધનના તહેવારના પગલે સવારે મિઠાઇની દુકાનો પર ભીડ જોવા મળી હતી જ્યારે બપોર પછી ગાંધીનગરને જોડતા હાઇવે પર વાહન વ્યવહારમાં વધારો જોવા મળ્યો હતો અને કેટલેક ઠેકાણે નાના-મોટા ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાઇ હતી. બીજી તરફ રક્ષાબંધનની પારિવારિક ઉજવણીને પગલે સોશિયલ મિડીયા પર ફોટા-વિડિયો સાથે સ્ટેટ્સ સ્ટોરી અપલોડ કરવાની જાણે હોડ લાગેલી જોવા મળી હતી. એકતરફ શહેરમાં પેટ્રોલ-ગેસ-ડીઝલ સહિત ખાદ્યપદાર્થોમાં પણ સતત વધતી મોંઘવારીની ફરિયાદો વચ્ચે પણ શહેરમાં રક્ષાબંધનનો તહેવાર ભારે ઉત્સાહથી ઉજવાતો અનુભવાયો હતો અને છેલ્લાં બે દિવસ દરમિયાન બજારોમાં ભીડ પણ જોવા મળી હતી. મોંઘવારીના કારણે અન્ય વસ્તુઓની સાથે મીઠાઇના ભાવમાં પણ ભારેખમ વધારો અને એજ રીતે રાખડીના ભાવમાં પણ વધારો જોવા મળ્યો હતો. મિઠાઇ ઉપરાંત તૈયાર કપડાં અને ઇલેક્ટ્રોનિકસ ચીજવસ્તુઓની દુકાનો-મોલમાં ગ્રાહકોની ભીડ જામના વેપારીઓની ખુશી વધી હતી. કોરોના મહામારીના પગલે બે વર્ષથી રક્ષાબંધનનો તહેવાર નાગરિકોએ ચિંતા અને ડર સાથે ઉજવ્યો હતો પરંતુ આ વર્ષે શહેરના પરિવારોમાં રક્ષાબંધનનો તહેવાર ખુબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો અને ફરી એકવાર પારિવારિક માહોલ સાથે સૌએ આ તહેવારનો આનંદ માણ્યો હતો. આજે વહેલી સવારથી જ પરિણીત બહેનોએ પોતાના ભાઈઓને રાખડી બાંધવા માટે પિયર તરફની વાટ પકડી હતી જેના કારણે શહેરને આસપાસના ગ્રામ્ય વિસ્તારને જોડતા માર્ગો પર વાહન વ્યવહારમાં વધારો જોવા મળ્યો હતો. બપોર પછી સાંજના સમયે સ્વાભાવિક રીતે જ એક જ સમયગાળામાં ઘરે પરત ફરતાં વાહનોને કારણે શહેરને જોડતા હાઇવે સહિતના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનો ધસારો જોવા મળ્યો હતો. સરખેજ-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર કોબા માર્ગ ગાંધીનગર ચિલોડા નેશનલ હાઇવે તેમજ ગાંધીનગર માણસા માર્ગ પર સાંજના સમયે વાહનોની સંખ્યા વધી જતાં મુખ્ય જંક્શનો પર નાનામોટા ટ્રાફિકજામની સ્થિતિ જોવા મળી હતી. શહેરમાં સાંજના સમયે અનેક પરિવારો તહેવારોની રજાને કારણે બહાર ફરવા નીકળ્યા હોય તેવી સ્થિતિ પણ જોવા મળી હતી જેના કારણે પણ ટ્રાફિકમાં વધારો થવા પામ્યો હતો.

જન્મદિને વધામણી

ધિગેશ વિનોદ જોષી
મો. ૯૯૧૩૮ ૮૨૫૦૯

રેખા રાવલ
મેમ્બર,બોર્ડ ઓફ ડાયરેક્ટર, સ્વર્ણિમ ઇન્ડિયન્સ લાયન્સ ક્લબ, ગાંધીનગર પ્રદેશ કારોબારી સભ્ય બીજેપી.
મો. ૯૬૦૧૨ ૫૬૫૩૮
૬૩૫૫૯ ૮૭૧૭૩

ક્રિશા પંકજકુમાર શ્રીમાળી
મો. ૭૦૪૩૦ ૩૫૧૦૫

અરૂણાબેન સુરેશભાઈ ઠાકોર

હેમંત સિંહ ગોહિલ
મો. ૭૦૯૬૨ ૩૬૧૫૪

મહેન્દ્રભાઈ જયશવાલ

યશરાજ ધર્મેન્દ્ર કાપડીયા
મો. ૯૪૨૭૦ ૦૮૩૫૭

રેખા રાવલ
મો. ૯૬૦૧૨ ૫૬૫૩૮



લીરલબા વાઘેલા
સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ
મો. ૭૦૪૬૭ ૦૧૫૦૯

સુરજ મુંજાણી
મો. ૭૨૦૧૯ ૧૭૪૯૦

ઉમેશચંદ્ર પી. વ્યાસ
મો. ૭૯૮૪૦ ૫૦૩૪૬

વીનલ ઠાકર



અશોકભાઈ ઉપાધ્યાય

શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસ
સ્વામિનારાયણ ગુરુકુલ, સે. ૨૨/૨૩

એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં રક્ષાબંધનની ઉજવણી

ગાંધીનગર,તા.૦૧૧

વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ માં ગાંધીનગર એસ.પી. ઓફિસમાંથી આવેલ પોલીસ ઓફિસર્સને બાળકોએ રાખડી બાંધી હતી. અને ભગવાન પાસે તેમને સ્વસ્થ રાખે અને લાંબી આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. વિદ્યાર્થીઓએ કુમકુમ તિલક કરી, આરતી ઉતારી તેમને રાખડી બાંધી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કરી અને દરેક વૃક્ષોને રાખડી બાંધી હતી. વૃક્ષો વાવી તેનું જતન કરીશું તેવી પ્રતિજ્ઞા પણ લીધી હતી. ત્યારબાદ વિદ્યાર્થીની બહેનોએ શાળાના વિદ્યાર્થી ભાઈઓને રાખડી બાંધી હતી.

જલારામ મહિલા મંડલ દ્વારા આહારનું એન્જિનિયરિગ વિષય પર સેમિનાર યોજાયો

ગાંધીનગર,તા.૧૧

જલારામ મહિલા મંડલ દ્વારા આયોજિત આહાર નુ એન્જિનિયરિંગ વિષય પર એક ખૂબ જ ઉપયોગી સેમિનાર નુ આયોજન જલારામ મંદિર મા રાખવા મા આવ્યુ હતુ. આ કાર્યક્રમ ના મુખ્ય વક્તા રાજેશભાઈ પટેલ હતા ,રાજેશભાઈ પોતે યોગાચાર્ય, નેચરોપેથ તથા યોગાહાર એક્સપર્ટ છે. તેમના દ્વારા રોજિંદા જીવન મા આહાર મા ફેરફાર કરી ને અસાધ્ય રોગો સામે કેવી રીતે રક્ષણ મેળવી શકાય છે કાર્યક્રમ મા ભાવનાબેન જોષી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ના કો- ઓડિનેટર છે તેઓ પણ ઉપસ્થિત રહ્યા હતા પ્રમુખ મીતલબેન રાણા એ સૌનુ અભિવાદન કરી ને આભાર વ્યક્ત કર્યા હતા મંડલ ના સભ્ય નીલાબેન તન્ના નો પણ કાર્યક્રમ મા સહયોગ બદલ આભાર વ્યક્ત કરવા મા આવ્યો હતો. મંત્રી ઉષાબેન તથા કારોબારીની બહેનો નીતાબેન રાણા ,પ્રરણાબેન ઠક્કર,તથા પ્રવિણાબેન દત્તાણી ની સાથે ખૂબ મોટી સંખ્યા મા બહેનોએ લાભ લીધો હતો

સમર્પણ સ્કુલનું ગૌરવ

આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમની ઉજવણી નિમિત્તે હર ઘર તિરંગા ની વિવિધ સ્પર્ધા માં વિવિધ શાળાના બાળકો એ ભાગ લીધો હતો.જેમાં થી સમર્પણ શાળાના ધોરણ ૭ માં ભણતો ચાવડા દિવ્યરાજસિંહ વનરાજસિંહ વક્તૃત્વ સ્પર્ધા માં અને ધોરણ ૧૨માં ભણતો દેસાઈ ભાવેશ બળદેવભાઈ ૧૦૦મીટર દોડ માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યો છે.જે બદલ શાળા પરિવાર આ બંને વિદ્યાર્થીઓ માટે હર્ષની લાગણી અનુભવે છે અને શુભેચ્છાઓ પાઠવી હતી.

સ્વામીનારાયણધામ ઈન્ટરનેશન સ્કૂલ ખાતે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે રમતાં રમતાં વિજ્ઞાન કાર્યક્રમ યોજાયો. જેમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના ડાયરેક્ટર ડૉ. અનિલ પટેલ દ્વારા નાના પ્રયોગો અને વૈજ્ઞાનિક રમકડાં દ્વારા વિજ્ઞાનના પાયાના નિયમો અને સિદ્ધાંતોની સમજ આપી. તે સાથે થ્રિ ડી હોલોગ્રામ દ્વારા હવામાં હાલતાં ચાલતાં દ્રશ્યો કઈ રીતે બને છે તેની નિદર્શન કરીને સમજ આપી. બાળકોને સૌથી વધુ મજા તો રુકો રોબોટમાં આવી. રોબોટ ને જે સૂચના આપીએ તે મુજબ કામ કરતો જોઈને બાળકોને મજા આવી. આ રોબોટ ડાન્સ કરે, વાર્તા કહે, વ્યાયામ કરે, ગીતો ગાય..જેવા બધા કામ કરે. બાળકો એ ખૂબ મજા સાથે વિજ્ઞાનને માણ્યું.

આઝાદી કા અમૃત મહોત્સવની ૭૫ વર્ષની જન્મ જયંતીની ઉજવણીના ભાગ સ્વરૂપે સમગ્ર રાષ્ટ્રમાં હર ઘર તિરંગાના કાર્યક્રમને વ્યાપક અને વૈવિધ્ય સભર રીતે ઉજવવાના સંદર્ભે આજ રોજ ગાંધીનગર શહેર હોમગાર્ડઝ યુનિટ દ્વારા આશરે ૫૦૦ હોમગાર્ડઝ સભ્યો દ્વારા જુના સચિવાલય જિલ્લા હોમગાર્ડઝ કચેરી ખાતેથી નીકળી ચ-૩ સર્કલ થઈ ડો.બાબા સાહેબ આંબેડકર સાહેબના સ્ટેચ્યુ આગળ થઈ પરત જુના સચિવાલય સુધી પરતફરી હતી

બ્રહ્માકુમારીઝ દ્વારા સચિવાલય ખાતે મુખ્ય સચિવશ્રીને બાંધવામાં આવી

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય તરફથી ૧૦, ઓગસ્ટ,૨૦૨૨ બુધવારના રોજ 'આઝાદી કે અમૃત મહોત્સવ સે સ્વર્ણિમ ભારત કી ઓર' અંતર્ગત રક્ષાબંધન–૨૦૨૨ની ઉજવણીના ભાગ રૂપે સચિવાલય ગાંધીનગર ખાતે સેક્ટર.૨૮ સેવાકેન્દ્ર સંચાલિકા આદરણીય રાજયોગીની કૈલાશ દીદીજી ને પરમાતમ પ્યાર, શક્તિ અને વરદાન યુક્ત રક્ષા બાંધેલ. જ્યારે ઉર્જાનગર સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.રંજનબેને આત્મસ્મૃતિનું તિલક કરેલ. પ્રભુ પ્રસાદથી મુખ મીઠું પણ કરાવ્યુ હતુ.

ગાંધીનગર,તા.૧૧

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર શાખા દ્વારા ગોપાલક સ્કૂલમાં ભારત કો જાનો ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર પરીક્ષા આપી હતી.

ગાંધીનગર,તા.૧૧

માતૃવન્દના મહિલા મંડળ સેક્ટર ૧૪ ગાંધીનગર એ રક્ષાબન્ધન ના પર્વ નિમિત્તે ભાઈઓને ઉષાબેન ચૌહાણને ત્યાં રક્ષા બાંધી શુભેચ્છા પાઠવી હતી અને બચત મંડળ નો ડ્રો પણ કરવા મા આવ્યો હતો. સાથે સાથે પ્રાર્થના, ગીત કાવ્ય પણ રજૂ કરી, રાષ્ટ્રધ્વજના સાનિધ્યમા આઝાદીના અમૃત મહોત્સવ ની ઉજવણી કરી શુભેચ્છા પાઠવી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પ્રજાપતિ રમણભાઇ ખોડાભાઇ ઉ.વ.૯૦- વોવોલ
- સ્વ. પટેલ મણીબેન નારણદાસ ઉ.વ.૯૮- રિદ્રોલ, માણસા
- સ્વ. ચૌધરી વિરસંગભાઇ બેચરભાઇ ઉ.વ.૮૨- સેક્ટર-૨૮
- સ્વ. કોરી રતિપાલ રામદાસ ઉ.વ.૫૭- સેક્ટર-૨૮